# પત્રક -૧

:- લોક સાવંદ સેતુ અંતર્ગત મળેલ અરજીઓ :-

તાલુકો :- જુનાગઢ ગ્રામ્ય

જિલ્લો :- જુનાગઢ

| ક્રમ | અરજદારનું નામ | અરજી ની બાબત | સંબંધિત કચેરી / વિભાગ | નિકાલ ની કક્ષા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧૭ | શ્રી રાજેશભાઈ પોપટભાઈ લૂણગરીયા, મુ.મેવાસા (કમરી બાઈ) | ૧). મેવાસા કમરી ગામે ગ્રામ્ય હેલ્પર નો પગાર છેલ્લા ૩ વર્ષથી કરવામાં આવેલ નથી. હાલમાં હેલ્પર પોતાની કાર્ય ફરજ નું કામ કરે છે આ હેલ્પરને છૂટો કરવાની કોઈ પણ પરિપત્ર કે જાણ ગ્રામ પંચાયત ને પીજીવીસીએલ છૂટો કરવાની જાણ ગ્રામ પંચાયત ને કરેલ નથી.અને આ હેલપરનો ૩ વર્ષનો પગાર કરવો હેલ્પર તરીકે ચાલુ રાખવો.<br>૨). મેવાસા કમરી ગામે બે વર્ષ પેલા અછતમાં મેવાસા ગામને મોટર લાઇન કેબલ ટાટર વીજ કનેક્શન મંજૂર થયેલ તેમાં બોરમાં પાણી સારું છે ને આ બોર ઉપર જ્યોતિ પાવર આપવામાં આવે તો પાણી નો હાલનો પ્રશ્ન સોલ્વ થઈ શકે તેમ છે. આ પ્રશ્ન ગત વર્ષના કલેક્ટર લોક દરબારમાં મુકેલ હોવા છતાં નિકાલ થયેલ નથી. | જુનાગઢ રૂરલ-૧ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | ૧). ગ્રામ્ય હેલ્પર એટલે કે વીજળીગર એ ગ્રામ પંચાયત કચેરી ના કર્મચારી હોય છે અને તેને ગ્રામ પંચાયત એ પગાર ચૂકવવાનો હોય છે જ્યારે બોર્ડ/વીજ કંપની દ્વારા ગ્રામ પંચાયત ને દર મહિને  ગ્રામ્ય હેલ્પર એટલે કે વીજળીગર ની સંતોષજનક કામગીરી અંગેનું પ્રમાણપત્ર ગ્રામ પંચાયત દ્વારા રજૂ થયે અનુદાન ની રકમ ફાળવવામાં આવતી હોય છે. આ રીતે ગ્રામ્ય હેલ્પર એટલે કે વીજળીગર ગ્રામ પંચાયતના કર્મચારી હોય તેને છૂટા કરવાની બાબત  બોર્ડ/વીજ કંપની ને નહીં પરંતુ ગ્રામ પંચાયત ને લાગુ પડે છે.<br>મેવાસા (ક્મરીબાઈ) ગામની ગ્રામ પંચાયત કચેરી દ્વારા છેલ્લે જુલાઈ-૧૨ સુધી નિયમિત રીતે વીજળીગર ના અનુદાન માટેના દાવા બિલો પીજીવીસીએલ ને મોકલવેલ અને તેનું અનુદાન પણ ગ્રામ પંચાયતને મોકલવી આપેલ પરંતુ ત્યારબાદ ઓગ્સ્ટ-૧૨ થી આ ગામની ગ્રામ પંચાયત દ્વારા વીજળીગરના અનુદાન માટેના કોઈ દાવા બિલ રજૂ કરેલ નથી.<br>૨), મેવાસા (કમરીબાઈ) ગામે સરપંચશ્રી ગ્રામ પંચાયત, ગ્રાહક નં. ૩૬૦૦૪/૦૦૩૮૩/૨ થી આવેલ ૧૦ હો.પાવર ના વોટર વર્કસ ના વીજ જોડાણ ને  હાલ ૧૧ કેવી થૂંબાળા ખેતીવાડી વીજ ફીડર માથી વીજ પુરવઠો આપવામાં આવે છે. આ વીજ જોડાણ ગામથી અંદાજિત ૧ કીમી દૂર સિમ તળમાં ગૌચરની જમીન માં આવેલ છે.<br>સિમ તળની જમીન માં આવેલ વોટર વર્કસ વીજ જોડાણ ને ખેતીવાડી વીજ ફીડર માથી પાવર આપવાનો થતો હોય, આ હયાત વીજ જોડાણ ને જ્યોતિગ્રામ વીજ ફીડર સાથે જોડી પાવર આપવો એ નીતિ વિષયક બાબત છે.હાલમાં આ નીતિ અમલમાં છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૪ | શ્રી રુખડભાઇ ભીમાભાઇ, મુ.પાતાપુર, તા.જી.જુનાગઢ | નવા કનેક્શન વહેલી તકે આપવા બાબત.<br>ખેડૂતોને નવા વીજ કનેક્શન લેવા માટે મોટા ખેડૂતને એક્જ સર્વે નંબર ઉપર એક્જ કનેક્શન આપવામાં આવે છે આમ સયુક્ત કુટુંબ માં રહેતા ખેડૂતોને અલગ કનેક્શન આપવું.<br>તથા કારખાનેદારને ૫૦ હો.પાવર નું કનેક્શન આપે તેમ ખેડૂતને ૧૦ હો.પાવર ને બદલે ૫૦ હો.પવારનું કનેક્શન આપવું. | જુનાગઢ રૂરલ-૧ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | (૧) જી.ઈ.આર.સી. નાં રેગ્યુલેશનનાં સપ્લાયકોડના નોટીફીકેશન નં- ૧૧-૨૦૦૫ ના સેકશન-૪ પ્રોસીઝર ફોર ગ્રાંટ ઓફ સપ્લાય ક્લોઝ નં- ૪.૧.૧૭ પ્રમાણે એક પ્રીમાઈસીસમાં સરખા હેતુ માટે એક કરતાં વધુ વીજ જોડાણ આપી શકતા નથી. પરંતુ જો એક જ સર્વે માં એક થી વધારે ભાઈઓ અલગ અલગ ખેતી કરતાં હોય અને તે સર્વે નંબર અલગ-અલગ ખાતા મુજબ વિભાજીત થયેલ હોય ત્યારે દરેક ખાતાના અલગ અલગ ખાતેદારે જે તે ખાતાનું કાયદાકીય અસ્તિત્વ પ્રમાણિત કરવા માટે મહેસૂલ નોંધણી જેવી કે ૭/૧૨, ૮-અ, ૬ (હક્કપત્રક) જેમાં પરીવર્તન / ફેરફારની નોંધ, ડિસ્ટ્રિક્ટ ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ (ડીઆઈએલઆર) દ્વારા પ્રમાણિત કરેલ જમીન માપણી શીટ / ગામનો નક્શો વગેરે દસ્તાવેજો ની ખરાઈ કર્યા બાદ જો સદર મહેસૂલી માહિતી વિભાજીત થયેલ સર્વે નંબરના અલગ-અલગ ખાતા નંબરની કાયદાકીય રીતે અલગ અસ્તિત્વ પુરવાર થતું હોય તો દરેક ખાતા ની સામે વિભાજીત થયેલ સર્વે નંબરમાં અલગ ખાતેદારને ખેતીવાડી વીજ જોડાણ આપી શકાય છે.એક સર્વે નંબર માં એક થી વધુ વીજ જોડાણ આપવાની બાબત નીતિ વિષયક છે.<br>(૨). હાલમાં પીજીવીસીએલ દ્વારા ખેડૂતોની માંગણી મુજબના વીજ ભારનું વીજ જોડાણ આપવામાં આવે છે. જે વીજ જોડાણ એક સર્વે નંબરમાં એક વીજ મોટર ચલાવવા માટેનું આપવામાં આવે છે. હાલમાં આ નીતિ અમલમાં છે. |
| ૫૮ | ઝાલા રમેશભાઈ મૂળજીભાઈ, મુ.વધાવી, ,તા.જી.જુનાગઢ | માનનીય મુખ્યમંત્રીશ્રી,<br>૧).અત્યારે ખેતીવાડી તેમજ ઉધ્યોગોમાં નહિવત વીજ ઉદ્યોગો હોવા છતાં જે ખેતી માં રાત્રિ ના ૧૧ વાગ્યા નો પાવર છે ,સમી સાંજ ૮ વાગ્યે વિનંતી.<br>૨).ખેડૂતોને વીજ કનેક્શન માં હો.પાવર ના ડાયરમાં રહે તે રીતે એક કનેક્શન માં બે મોટર ચલાવવા દેવામાં આવે તેવો તાત્કાલિક સરકારશ્રી નિર્ણય કરે. | જુનાગઢ રૂરલ-૧ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | ૧).વધાવી ગામને ૧૧ કેવી વધાવી એજી વીજ ફીડરમાથી વીજ પુરવઠો આપવામાં આવે છે. જેનું ગ્રુપ એફ-૧૪ છે.વીજળીની માંગ અને પુરવઠાની સમતુલા જળવાઇ રહે અને સિસ્ટમ ઉપર એકી સાથે ખેતીવાડી લોડનું ભારણ ન આવે અને સિસ્ટમનું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળના ખેતીવાડી ફીડરોને કુલ ચોસઠ ગ્રુપમાં વિભાજીત કરવામાં આવેલ છે અને દરેક ગ્રુપ ને માહિનામાં એક અઠવાડિયું સંપૂર્ણ દિવસ દરમ્યાન વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુથી ખેતીવાડી ગ્રુપના અઠવાડિક સમયપત્રક ને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમયગાળામાં વિભાજિત કરવામાં આવેલ છે અને તે મુજબ દરેક ગ્રુપને વારાફરતી (રોટેશન) પદ્ધતિ પ્રમાણે દરરોજ સરેરાશ ૮ કલાક ૩-ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.<br>૧૧ કેવી વધાવી એજી ફીડર ને ગ્રુપ નંબર એફ-૧૪ માં સમાવવામાં આવેલ છે.સદર ફીડર ને માહે.માર્ચ-૨૦૧૬ માં પહેલું અઠવાડિયું (રાત્રે) ૨૨:૦૦ થી ૦૬:૦૦,બીજું અઠવાડિયું (સંપૂર્ણ દિવસે) ૧૧:૩૦ થી ૧૯:૩૦,ત્રીજું અઠવાડિયું (રાત્રે) ૨૦:૦૦ થી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | ૦૪:૦૦ અને ચોથું અઠવાડિયું (દિવસે) ૦૪:૦૦ થી ૧૨:૦૦ એ રીતે દરરોજ સરેરાશ ૮-કલાક ૩-ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.<br>૨). જીયુવીએનએલ ના પરિપત્ર નં. સીઇ/જીયુવીએનએલ/આરઇ/૮૭ તા. ૦૭.૦૬.૨૦૦૬ મુજબ એક જ સર્વે નંબરમાં હયાત ખેતીવાડીના વિજ જોડાણ ઉપર એક જ મોટર ચલાવવાની છૂટ હોય આમ એક કનેક્શનમાં બે મોટર વાપરવી તે નીતિ વિષયક બાબત છે. |
| ૬૩ | જોગલ અરજણભાઈ ધરણોતભાઈ, મુ.વધાવી ,તા.જી.જુનાગઢ | માનનીય મુખ્ય મંત્રીશ્રી,<br>૧).જુડા નાબૂદ કરો. ખેતમજુરી કરીને મારૂ ગુજરાન ચલાવું છું. જૂડા આવતા પાણી-લાઇટ-રોડ ટેક્સવધશે જે મારે માટે બોજા રૂપ.<br>૨).જૂડા નાબૂદ કરો. હું વીઘા નો ખાતેદાર ખેડૂત છું.જુડા આવતા મારી જમીન રોડ માં જતી હોવાથી મારા કુટુંબ ની આજીવિકા ની સમસ્યા ઊભી થાસે તે કારણે મારે ના છૂટકે કોઈ આજુકતું પગલું ભરવાની જવાબદારી ઊભી થશે તો તેની જવાબદારી જે તે કચેરી ની રહેશે | જુનાગઢ રૂરલ-૧ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | અરજદારની વધાવી ગામને જુનાગઢ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (જુડા) માથી રદ કરવાની નીતિ વિષયક રજૂઆત પીજીવીસીએલ ને લાગુ પડતી નથી.<br>અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગરના નોટિફિકેશન તા.૦૭.૦૭.૨૦૦૮ મુજબ જે ગામોનો સમાવેશ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી,જુનાગઢ હેઠળ થયેલ હોય તે ગામોના ઘરગથ્થું વીજજોડાણોનું બિલિંગ જીઇઆરસી દ્વારા મંજૂર કરાયેલ ટેરિફ ઓર્ડરના ક્લોઝ નં ૨.૦ પ્રમાણે શહેરી વિસ્તારના ટેરિફ મુજબ કરવાનું રહે છે.<br>જુનાગઢ તાલુકાનાં વધાવી ગામનો સમાવેશ જુનાગઢ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (જુડા) માં થતો હોય, આ ગામોના ઘરગથ્થું વીજ જોડાણો નું બિલિંગ અર્બન ટેરિફ મુજબ વીજ બિલ આકારવામાં આવે છે. |
| ૮૦ | ગજેરા રસિકભાઈ વેલજીભાઇ, મુ.ચોકલી, તા.જી.જુનાગઢ | ચોકલિ ગામ જુનાગઢ શહેરથી ૧૫ કેમી દૂર હોય અને જુનાગઢ શહેર નો વિકાસ ૦ હોય તો અમારા ગામને જુનાગઢ શહેરી વિકાસ મંડળ માં સમાવી ને ખુબજ અન્યાય કરેલ જેથી જુડા ને દૂર કરી અમારા ગામડા બચાવી લેવા.<br>આપ સાહેબને અમારી અરજ કે છેલ્લા ત્રણ વર્ષ થયા અમારા ગામને ઘર વપરાશ નું વીજ બિલ આપવામાં આવે | જુનાગઢ રૂરલ-૧ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | અરજદારની ચોક્લી ગામને જુનાગઢ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (જુડા) માથી રદ કરવાની નીતિ વિષયક રજૂઆત પીજીવીસીએલ ને લાગુ પડતી નથી.<br>અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગરના નોટિફિકેશન તા.૦૭.૦૭.૨૦૦૮ મુજબ જે ગામોનો સમાવેશ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી, જુનાગઢ હેઠળ થયેલ હોય તે ગામોના ઘરગથ્થું વીજજોડાણોનું બિલિંગ જીઇઆરસી દ્વારા મંજૂર કરાયેલ ટેરિફ ઓર્ડરના ક્લોઝ નં ૨.૦ પ્રમાણે શહેરી વિસ્તારના ટેરિફ મુજબ કરવાનું રહે છે.<br>જુનાગઢ તાલુકાનાં ચોક્લી ગામનો સમાવેશ જુનાગઢ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (જુડા) માં થતો હોય, આ ગામોના ઘરગથ્થું વીજ જોડાણો નું બિલિંગ અર્બન ટેરિફ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | છે તે રદ કરી ગ્રામ્ય વીજ બિલ કરવું અને અમને તે છેલ્લા ત્રણ વર્ષ નું વીજ બિલ નું રિફંડ આપવા વિનંતી. | | | મુજબ વીજ બિલ આકારવામાં આવે છે. |
| ૮૧ | ગજેરા રસિકભાઈ વેલજીભાઇ, મુ.ચોકલી, તા.જી.જુનાગઢ | અમારું ચોકલિ ગામ ઇકો સેન્સેટિવ ઝોન માં આવેલ છે.જ્યાં વન્ય પ્રાણીઓનો ખુબજ ત્રાસ અને જીવલેણ હુમલાઓ કરે છે.જેથી અમારા ગામ તથા બલિયાવડ ગામના ખેડૂતોને દિવસ પાળી પાવર કરવામાં આવે તો ખેડૂતો ભયભીત થતાં રહી જાય.આ માટેની અરજીઓ ઘણા જ ટાઇમ થ્યા કરી છે અને બંને ગ્રામ પંચાયતો ના ઠરાવ પણ આપેલ છે જેની યોગ્ય કરવા વિનંતી. | જુનાગઢ રૂરલ-૧ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | ૧). ચોકલિ તથા બલિયાવાડ ગામોને ૧૧ કેવી બલિયાવડ એજી વીજ ફીડરમાથી વીજ પુરવઠો આપવામાં આવે છે. જેનું ગ્રુપ એફ-૧૧ છે.વીજળીની માંગ અને પુરવઠાની સમતુલા જળવાઇ રહે અને સિસ્ટમ ઉપર એકી સાથે ખેતીવાડી લોડનું ભારણ ન આવે અને સિસ્ટમનું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળના ખેતીવાડી ફીડરોને કુલ ચોસઠ ગ્રુપમાં વિભાજીત કરવામાં આવેલ છે અને દરેક ગ્રુપ ને માહિનામાં એક અઠવાડિયું સંપૂર્ણ દિવસ દરમ્યાન વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુથી ખેતીવાડી ગ્રુપના અઠવાડિક સમયપત્રક ને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમયગાળામાં વિભાજિત કરવામાં આવેલ છે અને તે મુજબ દરેક ગ્રુપને વારાફરતી (રોટેશન) પદ્ધતિ પ્રમાણે દરરોજ સરેરાશ ૮ કલાક ૩-ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.<br>૧૧ કેવી બલિયાવડ એજી ફીડર ને ગ્રુપ નંબર એફ-૧૧ માં સમાવવામાં આવેલ છે. સદર ફીડર ને માહે.માર્ચ-૨૦૧૬ માં પહેલું અઠવાડિયું (સંપૂર્ણ દિવસે) ૧૧:૩૦ થી ૧૯:૩૦,બીજું અઠવાડિયું (રાત્રે) ૨૨:૦૦ થી ૦૬:૦૦,ત્રીજું અઠવાડિયું (દિવસે) ૦૪:૦૦ થી ૧૨:૦૦ અને ચોથું અઠવાડિયું (રાત્રે) ૨૦:૦૦ થી ૦૪:૦૦ એ રીતે દરરોજ સરેરાશ ૮-કલાક ૩-ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. |